==========

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

રમેશ મહેતા

વિરુદ્ધ

સાંવલ ચંદ સંઘવી અને અન્ય

૨૦ એપ્રિલ, ૨૦૦૪

[વી. એન. ખરે, મુખ્ય ન્યાયમૂર્તિ, એસ. બી. સિન્હા અને એસ. એચ. કાપડિયા, ન્યાયમૂર્તિઓ]

નગરપાલિકા કાયદા:

રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૫૯–કલમો ૩(૩૬), ૯, ૬૫ અને ૭૨–રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ (અધ્યક્ષ/ઉપાધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ) નિયમો, ૧૯૭૪–નિયમ ૩(૫), (૮) અને (૯)–બોર્ડના અધ્યક્ષ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ–નગરપાલિકા બોર્ડના સભ્યોની કુલ સંખ્યાના ૨/૩ ની બહુમતીની ગણતરી–શું નગરપાલિકા બોર્ડમાં નિમણૂક પામેલા સભ્યોનો સમાવેશ થાય છે કે કેમ–ઠેરવવામાં આવ્યું: ૧૯૯૪ ના ૭૪મા બંધારણીય

સુધારા પહેલાં અને ૧૯૯૪ પછી સભ્યોની "કુલ સંખ્યા" શબ્દપ્રયોગ 'ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા' દર્શાવે છે–જોકે, ૧૯૯૪ ના બંધારણીય સુધારાને અનુસરીને, કલમો ૯, ૬૫ અને ૭૨ માં સુધારો કરવામાં આવ્યો હતો અને નિમણૂક પામેલા સભ્યોને મતદાનનો અધિકાર નકારવામાં આવ્યો હતો–તેથી, સભ્યોની કુલ સંખ્યામાંથી નિમણૂક પામેલા સભ્યો બાકાત રહે છે અને તે મુજબ બોર્ડના મતદાન કરવા માટે હકદાર હોય તેવા સભ્યોની નિયત બહુમતી દ્વારા અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થતાં અધ્યક્ષનો હોદ્દો ખાલી થયેલો ગણાશે–ભારતનું સંવિધાન, ૧૯૫૦–અનુચ્છેદ ૨૪૩આર.

સંચાર નગરપાલિકા બોર્ડમાં ૨૦ ચૂંટાયેલા સભ્યો, ૨ નિમણૂક પામેલા સભ્યો અને એક ધારાસભ્ય *(હોદ્દાની રૂએ)*, એમ કુલ મળીને ૨૩ સભ્યો હતા. અધ્યક્ષ–અપીલકર્તા સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો; એસડીઓની ઉપસ્થિતિમાં આ પ્રસ્તાવ પસાર થયો હતો કારણ કે નિમણૂક પામેલા સભ્યોને બાદ કરતાં બોર્ડના સભ્યોની કુલ સંખ્યા ૨૧ હતી અને ૨૧ ના ૨/૩ એટલે કે ૧૪ થતા હતા, જેની સામે ૧૫ સભ્યોએ મતદાન કર્યું હતું. અપીલકર્તાએ એસડીઓના નિર્ણયને પડકારતી અરજી દાખલ કરી હતી કે ૨ નિમણૂક પામેલા સભ્યો સહિત બોર્ડના સભ્યોની કુલ સંખ્યા ૨૩ હતી અને ૨૩ ના ૨/૩ એટલે કે ૧૫.૩૩ થાય અને ૧૪ નહીં. હાઇકોર્ટના સિંગલ જજે ઠેરવ્યું હતું કે, નિમણૂક પામેલા સભ્યોને મતદાનનો કોઈ અધિકાર ન હોવા છતાં પણ, સભ્યોની કુલ સંખ્યાની ગણતરી કરતી વખતે તેમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેનાથી નારાજ થયેલા સામાવાળાએ અપીલ દાખલ કરી હતી. ડિવિઝન

બેંચે એમ ઠેરવીને અપીલ ગ્રાહ્ય રાખી હતી કે રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૫૯ ની કલમો ૩(૩૬) અને ૯ સાથે વંચાણે લેતાં રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ (અધ્યક્ષ/ઉપાધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ) નિયમો, ૧૯૭૪ ના નિયમ ૩(૯) માં વપરાયેલ 'સભ્યોની કુલ સંખ્યા' શબ્દપ્રયોગમાંથી નિમણૂક પામેલા સભ્યો બાકાત હતા. આથી આ પ્રસ્તુત અપીલો ઉપસ્થિત થઈ છે.

અપીલકર્તા–અધ્યક્ષે એવી દલીલ કરી હતી કે ચૂંટણી કરવાનો અધિકાર એ વૈધાનિક અધિકાર છે; ચૂંટણી અને હોદ્દા પરથી દૂર કરવાના દરેક કેસમાં કોર્ટે પ્રશ્નગત અધિનિયમની તપાસ કરવાની રહે છે; ૭૪મા બંધારણીય સુધારા પછી, વિધાનમંડળે કલમ ૩(૧૫) હેઠળ 'સભ્ય' ની વ્યાખ્યા અને કલમ ૩(૩૬) હેઠળ "કુલ સંખ્યા" ની વ્યાખ્યામાં સુધારો કર્યો ન હોવાથી, જેમાં નિમણૂક પામેલા સભ્યોનો સમાવેશ થાય છે અને કલમ ૯(એ)(૧) અને (૨) હેઠળ નગરપાલિકા બોર્ડના બંધારણમાં નિમણૂક પામેલા સભ્યો સામેલ હતા, જેઓ સભ્યોની કુલ સંખ્યાનો ભાગ બન્યા હતા, તેથી અધિનિયમમાં "સભ્યોની કુલ સંખ્યા" શબ્દપ્રયોગનો અર્થ 'ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા' એવો કરી શકાય નહીં; અધિનિયમની કલમ ૩(૩૬) ની સાથે ૧૯૭૪ ના નિયમોના નિયમ ૩(૮) અને નિયમ ૩(૯) ને વાંચતાં એ સ્પષ્ટ છે કે અવિશ્વાસનો પ્રસ્તાવ નિમણૂક પામેલા સભ્યો સહિતના સભ્યોની કુલ સંખ્યાના ૨/૩ ની નિયત બહુમતીથી પસાર થવો જોઈએ; અને સામાવાળા કેસસ ઓમિસસનો દાવો કરી રહ્યા છે કે 'સભ્યોની કુલ સંખ્યા' શબ્દોનો અર્થ 'ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા'

તરીકે થવો જોઈએ.

સામાવાળા નંબર ૧ એ એવી દલીલ કરી હતી કે ૧૯૭૪ ના નિયમોના નિયમ ૩ ના પેટા–નિયમો (૫), (૮) અને (૯) માં વપરાયેલ 'સભ્યોની કુલ સંખ્યા' શબ્દપ્રયોગને અધિનિયમની કલમ ૩(૩૬) સાથે વંચાણે લેવો જોઈએ, જે વ્યાખ્યાની કલમ છે અને જણાવે છે કે સંદર્ભ અનુસાર અન્યથા અપેક્ષિત ન હોય તો, બોર્ડના સભ્યોના સંદર્ભમાં વપરાય ત્યારે "સભ્યોની કુલ સંખ્યા" શબ્દપ્રયોગનો અર્થ તે સમયે હોદ્દો ધરાવતા સભ્યોની કુલ સંખ્યા થશે; ૧૯૯૪ ના સુધારા પહેલાં સહ–વરણ કરાયેલા સભ્યો બોર્ડના ચૂંટાયેલા સભ્યો સમકક્ષ હતા, જોકે ૧૯૯૪ ના સુધારા પછી નિમણૂક પામેલા સભ્યોને મતદાનનો કોઈ અધિકાર ન હતો અને તેથી અધિનિયમમાં ૧૯૯૪ ના સુધારા પહેલાં પણ નિયમ ૩(૮) અને (૯) માં વપરાયેલ "સભ્યોની કુલ સંખ્યા" શબ્દપ્રયોગનો અર્થ "ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા" થતો હતો; ૭૪મા બંધારણીય સુધારાને અનુસરીને, અધિનિયમની કલમો ૯, ૬૫ અને ૭૨ માં સુધારો કરવામાં આવ્યો હતો જેના દ્વારા નિમણૂક પામેલા સભ્યોને મતદાનના અધિકારથી વંચિત કરવામાં આવ્યા હતા પરંતુ ૧૯૭૪ ના નિયમો યથાવત રહ્યા હતા અને તેથી ૧૯૭૪ ના નિયમોનું અર્થઘટન કલમો ૯, ૬૫ અને ૭૨ ની સુધારેલી જોગવાઈઓ અનુસાર કરવું પડશે જે નગરપાલિકા બોર્ડની બેઠકોમાં નિમણૂક પામેલા સભ્યોને મતદાન કરવાથી પ્રતિબંધિત કરે છે;

અપીલો ફગાવી દેતાં, અદાલતે

ન્યાયમૂર્તિ કાપડિયા (પોતાના વતી અને મુખ્ય ન્યાયમૂર્તિ વી. એન. ખરે વતી) મારફતે ઠેરવ્યું:

ઠેરવવામાં આવ્યું: ૧. ચૂંટણી કરવાનો અધિકાર અને ચૂંટાવાનો અધિકાર એ વૈધાનિક અધિકાર છે અને કોઈપણ પદ પર ચૂંટણીની રીત અને પદ્ધતિ એ તે પદ પરથી વ્યક્તિને દૂર કરવાની યોજના કરતાં ભિન્ન હોઈ શકે છે, તેમ છતાં, દરેક કેસમાં અધિનિયમની તપાસ કરવાની રહે છે. (૪૩૪–એફ)

૨.૧. રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૫૯ હેઠળ ૧૯૯૪ ના ૭૪મા બંધારણીય સુધારા પહેલાં અને ૧૯૯૪ પછી, વિધાયક આશય એવો રહ્યો છે કે બોર્ડના મતદાન કરવા માટે હકદાર હોય તેવા સભ્યોની નિયત બહુમતી દ્વારા અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થતાં જ અધ્યક્ષ/ઉપાધ્યક્ષનો હોદ્દો ખાલી થયેલો ગણાશે. (૪૩૬–બી)

૨.૨. સંવિધાનના અનુચ્છેદ ૨૪૩આર દ્વારા નગરપાલિકાઓના બંધારણની બાબતમાં એક ધરમૂળથી ફેરફાર લાવવામાં આવ્યો હતો. અધિનિયમ હેઠળ, નગરપાલિકાના સભ્યો એ નગરપાલિકા વિસ્તાર (વોર્ડ) ના રહીશો દ્વારા પ્રત્યક્ષ ચૂંટણી મારફતે પસંદ કરાયેલી વ્યક્તિઓ છે. અનુચ્છેદ ૨૪૩આર (૨) (એ)(૧) રાજ્યના વિધાનમંડળને નગરપાલિકા વહીવટના ક્ષેત્રમાં વિશેષ જ્ઞાન ધરાવતી કોઈપણ વ્યક્તિને બોર્ડના સભ્ય તરીકે નિયુક્ત કરવાની મંજૂરી આપે છે, જોકે, તે અનુચ્છેદ સાથે જોડાયેલ પરંતુક ઉપ–કલમ (૧) હેઠળ નિમણૂક પામેલી વ્યક્તિને નગરપાલિકાની બેઠકોમાં મતદાન કરવાનો અધિકાર

ધરાવવાથી બાકાત રાખે છે. તેથી, સંવિધાન ચૂંટાયેલા સભ્યો અને મૂળભૂત રીતે સલાહકારી ભૂમિકા ભજવતા નિમણૂક પામેલા સભ્યો વચ્ચે તફાવત પાડે છે. ૧૯૯૪ ના ૭૪મા બંધારણીય સુધારાને અનુસરીને, રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૫૯ ની કલમો ૯, ૬૫ અને ૭૨ માં સુધારો કરવામાં આવ્યો હતો. સુધારા પહેલાં, સહ-વરણ કરાયેલા સભ્યો ચૂંટાયેલા સભ્યોની સમકક્ષ હતા, અને બંનેને અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરીને અધ્યક્ષ/ઉપાધ્યક્ષને તેમના હોદ્દા પરથી દૂર કરવા માટે મતદાન કરવાનો અધિકાર હતો, જોકે, ૧૯૯૪ પછી અધિનિયમની કલમ ૯(૧) હેઠળ માત્ર ચૂંટાયેલા સભ્યો અને વિધાનસભાના સભ્યોને જ મતદાનનો અધિકાર છે; સુધારેલી કલમ ૬૫(૨) હેઠળ, અધ્યક્ષને 'બોર્ડના ચૂંટાયેલા સભ્યો' દ્વારા ચૂંટવાના રહે છે. ૧૯૯૪ પહેલાં, અધ્યક્ષને "બોર્ડના સભ્યો" દ્વારા ચૂંટવાના હતા, જે શબ્દપ્રયોગ બિન-સુધારેલી કલમ ૬૫(૨) માં વપરાયો હતો, કારણ કે સહ-વરણ કરાયેલા સભ્યોને મતદાનનો અધિકાર હતો. આ શબ્દપ્રયોગ સુધારેલી કલમ ૬૫(૨) માં બદલવામાં આવ્યો હતો અને તેના સ્થાને 'બોર્ડના ચૂંટાયેલા સભ્યો' શબ્દપ્રયોગ મૂકવામાં આવ્યો હતો. વાસ્તવમાં, અગાઉ અધિનિયમની કલમો ૬૫ અને ૭૨ માં આવતા 'સભ્યોની કુલ સંખ્યા' શબ્દો રદ કરવામાં આવ્યા છે. ૧૯૯૪ પછીના અધિનિયમની યોજના એવી છે કે અધ્યક્ષ/ઉપાધ્યક્ષની ચૂંટણી બોર્ડના ચૂંટાયેલા સભ્યો દ્વારા કરવામાં આવશે અને બોર્ડના ચૂંટાયેલા સભ્યો દ્વારા અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થતાં તેમનો હોદ્દો ખાલી થયેલો ગણાશે. (૪૩૫-સી-જી)

રઈસ અહમદ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય, [૨૦૦૦] ૧ એસસીસી ૪૩૨, અલગ તારવવામાં આવ્યો.

૨.૩. અધિનિયમની કલમ ૩ 'સંદર્ભ અનુસાર અન્યથા અપેક્ષિત ન હોય તો' શબ્દોથી શરૂ થાય છે અને કલમ ૩(૩૬) 'કુલ સંખ્યા' શબ્દપ્રયોગને આપેલ સમયે હોદ્દો ધરાવતા સભ્યોની કુલ સંખ્યા તરીકે વ્યાખ્યાયિત કરે છે. ઉક્ત 'સભ્યોની કુલ સંખ્યા' શબ્દપ્રયોગ રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ (અધ્યક્ષ/ઉપાધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ) નિયમો, ૧૯૭૪ ના નિયમ ૩(૫), (૮) અને (૯) માં જોવા મળે છે. આથી, નિયમ ૩(૫), (૮) અને (૯) ને ઉક્ત અધિનિયમની જોગવાઈઓના સંદર્ભમાં વાંચવાના રહેશે. આથી, "કુલ સંખ્યા" શબ્દપ્રયોગ 'ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા' દર્શાવે છે. [૪૩૬–એ–બી]

૨.૪. 'બહુમતી' શબ્દનો અર્થ 'મતદાન કરવા માટે હકદાર વ્યક્તિઓની બહુમતી' થાય છે. તે સુધારા પહેલાં રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૫૯ ની કલમો ૬૫(૯) અને ૭૨(૯) માં સ્થાન ધરાવે છે. ૧૯૭૪ ના નિયમોના નિયમ ૩ હેઠળ "સભ્યોની કુલ સંખ્યા" શબ્દોનો અર્થ મતદાનનો અધિકાર ધરાવતા સભ્યોની કુલ સંખ્યા થતો હતો. [૪૩૪–ડી–ઈ]

નોલ્સ વિરુદ્ધ ઝૂઓલોજિકલ સોસાયટી ઓફ લંડન, (૧૯૫૯) ૧ ડબલ્યુએલઆર ૮૨૩, નો સંદર્ભ લેવામાં આવ્યો.

શેકલટન દ્વારા લિખિત લો એન્ડ પ્રેક્ટિસ ઓફ મીટિંગ્સ, ૮મી આવૃત્તિ

પાનું ૬૬, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૨.૫. તે સ્વીકારી શકાય નહીં કે સામાવાળા કેસસ ઓમિસસનો એવો દાવો કરી રહ્યા છે કે "સભ્યોની કુલ સંખ્યા" શબ્દોનો અર્થ 'ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા' તરીકે થવો જોઈએ. જોકે અદાલત કેસસ ઓમિસસ (કાયદાકીય ચૂંક) ની પૂર્તિ કરી શકતી નથી, પરંતુ એ પણ તેટલું જ સ્પષ્ટ છે કે જ્યારે વાસ્તવમાં કંઈ ન હોય ત્યારે કેસસ ઓમિસસ ઊભું થાય તે રીતે તેણે કાયદાનું અર્થઘટન કરવું જોઈએ નહીં. (૪૩૬–ડી–ઈ)

કર્ણાટક રાજ્ય વિરુદ્ધ ભારત સંઘ અને અન્ય, એ.આઈ.આર. (૧૯૭૮) એસસી ૬૮, નો સંદર્ભ લેવામાં આવ્યો.

ન્યાયમૂર્તિ સિન્હા અનુસાર: (પૂરક મત):

૧.૧. ચૂંટણી લડવાનો અધિકાર જોકે કોઈ કાનૂન હેઠળ ઉદ્ભવે છે, તેમ છતાં સંવિધાનના ૭૪મા સુધારા અધિનિયમને ધ્યાને લેતાં, તેનું અર્થઘટન બંધારણીય યોજનાને ધ્યાનમાં રાખીને કરવું જોઈએ. સંવિધાનમાં ઉક્ત સુધારાના કારણે પાયાના સ્તરે લોકશાહી દાખલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એકવાર પાયાની લોકશાહીનો ખ્યાલ સ્વીકારવામાં આવે, પછી અધિનિયમની જોગવાઈઓને વ્યવહારુ અને હેતુલક્ષી અર્થ આપવો જ જોઈએ. [૪૩૮–ડી–એફ]

૧.૨. રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૫૯ માં અર્થઘટનની

કલમની શરૂઆત "સંદર્ભ અનુસાર અન્યથા અપેક્ષિત ન હોય તો" શબ્દપ્રયોગથી થાય છે; વ્યાખ્યાને અલગ પાડીને વાંચવાની હોતી નથી. તેને તે શબ્દસમૂહના સંદર્ભમાં વાંચવી જોઈએ જે તેને વ્યાખ્યાયિત કરે છે. તે અસ્પષ્ટ કે સંદિગ્ધ હોવી જોઈએ નહીં. શબ્દોની વ્યાખ્યાને અર્થપૂર્ણ ઉપયોગ આપવો જોઈએ; જ્યાં સંદર્ભ અર્થઘટનની કલમમાં આપેલી વ્યાખ્યાને બિન-લાગુપાત્ર બનાવે છે, ત્યાં એ જ અર્થ આપી શકાય નહીં. [૪૩૯-બી-સી]

મહારાષ્ટ્ર રાજ્ય વિરુદ્ધ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, [૨૦૦૨] ૧ એસસીસી ૫૮૯; અને નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ વિરુદ્ધ સ્વરણ સિંહ અને અન્ય, [૨૦૦૪] ૩ એસસીસી ૨૯૭, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૧.૩. ગૌણ કે સોંપાયેલ વિધાનને પણ કાનૂનની જોગવાઈઓને અમલી બનાવી શકાય તે રીતે અર્થપૂર્ણ રીતે વાંચવું જોઈએ. કોઈ શબ્દનો સાચો અર્થ પસંદ કરતી વખતે તેના પરિણામોને ધ્યાનમાં લેવા જોઈએ. જો બે અર્થઘટનો સ્વીકારવા શક્ય હોય, તો જે અર્થ જોગવાઈને કાર્યક્ષમ બનાવે અને વૈધાનિક યોજના સાથે સુસંગત હોય તેને પ્રાધાન્ય આપવું જોઈએ. [૪૪૦-બી-સી]

રીમા અગ્રવાલ વિરુદ્ધ અનુપમ અને અન્ય, [૨૦૦૪] ૩ એસસીસી ૧૯૯, પર આધાર રાખવામાં આવ્યો.

દિપલ ગિરીશભાઈ સોની અને અન્ય વિરુદ્ધ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, બરોડા, (૨૦૦૪) ૩ સ્કેલ ૫૪૬, નો સંદર્ભ લેવામાં આવ્યો.

આર. વિરુદ્ધ સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ધ હોમ ડિપાર્ટમેન્ટ એક્સ. ડી. વેનેબલ્સ, (૧૯૯૮) એસી ૪૦૭, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૨.૧. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩આર ની સુસંગતતામાં વર્ષ ૧૯૯૪ માં મ્યુનિસિપાલિટીઝ એક્ટમાં સુધારા કરવામાં આવ્યા હોવા છતાં, કાર્યપદ્ધતિ ઠરાવતા રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ (અધ્યક્ષ/ઉપાધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ) નિયમો, ૧૯૭૪ માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બિન-સુધારેલી જોગવાઈઓ હેઠળ જે તમામ સભ્યો ચૂંટાયેલા સભ્યો ન હતા તેમને ચૂંટાયેલા સભ્યો તરીકે ગણવામાં આવતા હતા. તેમના અધિકારો તેમની સમકક્ષ હતા. અધ્યક્ષની ચૂંટણી અને હોદ્દા પરથી દૂર કરવાની બાબતમાં સંવિધાને ચૂંટાયેલા સભ્ય અને નિમણૂક પામેલા સભ્ય વચ્ચે તફાવત કર્યો છે તે હકીકત જ સૂચવે છે કે હવે નવું અર્થઘટન જરૂરી બન્યું છે. નિમણૂક પામેલા સભ્યો વિષયનું વિશેષ જ્ઞાન ધરાવતી વ્યક્તિઓ છે. તેમની નિમણૂક એટલા માટે કરવામાં આવે છે કે જેથી તેઓ બોર્ડના સભ્યોને યોગ્ય સલાહ આપી શકે જે નગરપાલિકાના કારભારને કાર્યક્ષમ રીતે ચલાવવા માટે તેને સક્ષમ બનાવે. તે પદ પર કઈ વ્યક્તિ બિરાજમાન છે કે તેનો રાજકીય ઝુકાવ શો છે તે હકીકતને ધ્યાને લીધા વિના તેઓ બોર્ડના સભ્ય તરીકે ચાલુ રહે છે. તેમને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા હોતી નથી. તેઓ તેમાં ભાગ લેતા નથી. વધુ પ્રબળ કારણોસર તેમને અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવાના સંબંધમાં પણ કોઈ ભૂમિકા સોંપવામાં આવી નથી. [૪૩૮-જી-એચ; ૪૩૯-એ-બી]

૨.૨. જોકે, સુધારાના કારણે એવો કોઈ સંકેત આપવામાં આવ્યો નથી કે તેનાથી નિમણૂક પામેલા સભ્યોમાં કોઈ વિશેષ અધિકારનું સર્જન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જોકે તેઓ આવી કાર્યવાહીમાં ભાગ લેશે નહીં અને અધ્યક્ષની ચૂંટણીમાં કે તેમને હોદ્દા પરથી દૂર કરવાની કાર્યવાહીમાં તેમની પાસે કોઈ મતદાનનો અધિકાર રહેશે નહીં. વર્ષ ૧૯૭૪ માં ઘડવામાં આવેલા નિયમોમાં સુધારો કરવામાં આવ્યો ન હોવાથી; અસરકારક અને યોગ્ય અર્થ આપવાના ઉદ્દેશ્યથી, તેનો એવો અર્થ કરવો જ જોઈએ કે માત્ર મતદાનનો અધિકાર ધરાવતા સભ્યો જ તે કાર્યવાહીમાં ભાગ લેવા માટે હકદાર છે અને નિમણૂક પામેલા સભ્યો નહીં. [૪૪૩–સી–ઈ]

ધી વર્કમેન ઓફ મેસર્સ ફાયરસ્ટોન ટાયર એન્ડ રબર કંપની ઓફ ઇન્ડિયા (પ્રાઇવેટ) લિમિટેડ અને અન્ય વિરુદ્ધ ધી મેનેજમેન્ટ અને અન્ય, એ.આઇ.આર. (૧૯૭૩) એસસી ૧૨૨૭ અને રઈસ અહમદ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય, [૨૦૦૦] ૧ એસસીસી ૪૩૨, નો સંદર્ભ લેવામાં આવ્યો.

દીવાની અપીલ અધિકારક્ષેત્ર: દીવાની અપીલ નં. ૬૧૩૩/૨૦૦૨.

રાજસ્થાન હાઇકોર્ટના ડી.બી.એસ.એ. માં તારીખ ૧૪.૮.૨૦૦૨ ના ચુકાદા અને હુકમ પરથી નંબર ૩૨૯/૨૦૦૨

સાથે

દીવાની અપીલ નંબરો ૬૧૩૪–૩૫, ૬૧૩૬, ૮૫૬૪/૨૦૦૨ અને

દીવાની અપીલ નંબર ૨૩૯૩/૨૦૦૩.

મનીષ સંઘવી, નરેશ કુમાર, ગુડવિલ ઇન્દીવર વતી કુમારી મોનિકા અરોરા ગર્ગ, કુમારી સંધ્યા ગોસ્વામી, સુશીલ કુમાર જૈન, એ. પી. ધમીજા, એચ. ડી. થાનવી, શરત સંઘાનિયા, પુનીત જૈન, એલ. પી. સિંહ અને કુમારી પ્રતિભા જૈન ઉપસ્થિત રહેલા પક્ષકારો વતી.

કોર્ટનો ચુકાદો **કાપડિયા, ન્યાયમૂર્તિ** દ્વારા આપવામાં આવેલ:

આ દીવાની અપીલોમાં ઉપસ્થિત કરવામાં આવેલ પ્રશ્ન એ છે કે— રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ (અધ્યક્ષ/ઉપાધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ) નિયમો, ૧૯૭૪ ના નિયમ ૩(૯) ની રૂએ "નગરપાલિકા બોર્ડના સભ્યોની કુલ સંખ્યા" ની ગણતરી કરતી વખતે નિમણૂક પામેલા સભ્યોને ધ્યાને લેવાના રહે છે કે કેમ?

સરળતા ખાતર, અમે દીવાની અપીલ નં. ૬૧૩૩/૨૦૦૨ ની હકીકતોનો સંદર્ભ લઈએ છીએ.

તારીખ ૧૯.૮.૨૦૦૦ ના રોજ જાલોર જિલ્લાના સાંચોર નગરપાલિકા બોર્ડની ચૂંટણીઓ યોજાઈ હતી. અપીલકર્તા રમેશ મહેતા નગરપાલિકા બોર્ડના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તારીખ ૨૪.૧૦.૨૦૦૦ ના રોજ, રાજ્ય સરકારે બોર્ડમાં બે સભ્યોની નિમણૂક કરી હતી. તારીખ ૬.૧૦.૨૦૦૧ ના રોજ, નગરપાલિકા બોર્ડના સભ્યોની કુલ સંખ્યામાં ૨૦ ચૂંટાયેલા સભ્યો, ૨ નિમણૂક

પામેલા સભ્યો અને એક ધારાસભ્ય (હોદ્દાની રૂએ) નો સમાવેશ થતો હતો. આમ, તારીખ ૬.૧૦.૨૦૦૧ ના રોજ સભ્યોની કુલ સંખ્યા ૨૩ હતી. તે દિવસે, અધ્યક્ષ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૫ સભ્યોએ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું. આ પ્રસ્તાવની કાર્યવાહી જાલોરના કલેક્ટરના નિયુક્ત પ્રતિનિધિ તરીકે સાંચોરના એસડીઓ દ્વારા હાથ ધરવામાં આવી હતી. એસડીઓ અનુસાર, અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થયેલો ગણાયો હતો કારણ કે નિમણૂક પામેલા સભ્યોને બાદ કરતાં બોર્ડના સભ્યોની કુલ સંખ્યા ૨૧ હતી અને ૨૧ ના ૨/૩ એટલે કે ૧૪ થતા હતા, જેની સામે ૧૫ સભ્યોએ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું. અપીલકર્તાના જણાવ્યા મુજબ, એસડીઓનો નિર્ણય ભૂલભરેલો હતો કારણ કે બોર્ડના સભ્યોની કુલ સંખ્યા ૨૩ હતી અને એસડીઓ દ્વારા નિર્ધારિત કરાયા મુજબ ૨૧ ન હતી, અને ૨૩ ના ૨/૩ એટલે કે ૧૫.૩૩ થતાં હોવાથી, પ્રસ્તાવ પરાજિત થયો હતો. અહીંના અપીલકર્તા દ્વારા વર્ષ ૨૦૦૧ ની અરજી નં. ૪૧૭૮ દાખલ કરીને હાઇકોર્ટમાં એસડીઓના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. તારીખ ૨૧.૫.૨૦૦૨ ના ચુકાદા અને હુકમ દ્વારા, રાજસ્થાન હાઇકોર્ટ, જોધપુર બેંચના વિદ્વાન સિંગલ જજે ઠેરવ્યું હતું કે સભ્યોની કુલ સંખ્યાની ગણતરી કરવામાં, નિમણૂક પામેલા સભ્યોને મતદાનનો કોઈ અધિકાર ન હોવા છતાં પણ, તેમને ધ્યાનમાં લેવાના રહેશે. વિદ્વાન સિંગલ જજે [૨૦૦૦] ૧ એસસીસી ૪૩૨ માં અહેવાલ થયેલ રઈસ અહમદ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય ના કેસમાં આ કોર્ટના ચુકાદા પર આધાર રાખ્યો હતો. તે નિર્ણયથી નારાજ થઈને, અહીંના સામાવાળા આ મામલાને

હાઇકોર્ટની ડિવિઝન બેંચ સમક્ષ અપીલમાં લઈ ગયા હતા, જેણે એવો મત વ્યક્ત કર્યો હતો કે રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ (અધ્યક્ષ/ઉપાધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવ) નિયમો, ૧૯૭૪ (જે હવે પછી "૧૯૭૪ ના નિયમો" તરીકે ઉલ્લેખિત છે) ના નિયમ ૩(૯) માં વપરાયેલ "સભ્યોની કુલ સંખ્યા" શબ્દપ્રયોગમાંથી નિમણૂક પામેલા સભ્યો બાકાત હતા. ડિવિઝન બેંચ દ્વારા એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે ૧૯૭૪ ના નિયમોના ઉક્ત નિયમ ૩(૯) ને રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૫૯ (જે હવે પછી "અધિનિયમ" તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૩(૩૬) અને કલમ ૯ સાથે વાંચવો જરૂરી છે અને જો તેમ વાંચવામાં આવે તો, "સભ્યોની કુલ સંખ્યા" શબ્દપ્રયોગમાંથી નિમણૂક પામેલા સભ્યો બાકાત રહેશે. પરિણામે, અપીલ ગ્રાહ્ય રાખવામાં આવી હતી અને એસડીઓનો નિર્ણય બહાલ રાખવામાં આવ્યો હતો. આથી, મૂળ અરજદાર, નગરપાલિકા બોર્ડના હોદ્દા પરથી દૂર કરાયેલા અધ્યક્ષ દીવાની અપીલ મારફતે અહીં ઉપસ્થિત થયા છે. અહીંની તમામ દીવાની અપીલોમાં પ્રસ્તુત પ્રશ્ન સામાન્ય છે.

અપીલકર્તા તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વકીલ શ્રી મનીષ સંઘવીએ રજૂઆત કરી હતી કે ચૂંટણી કરવાનો અધિકાર એ ન તો મૂળભૂત અધિકાર છે કે ન તો સામાન્ય કાયદાકીય અધિકાર છે. તે એક વૈધાનિક અધિકાર છે. તેમણે રજૂઆત કરી હતી કે જે મતદાર મંડળ કોઈ વ્યક્તિને ચૂંટે છે તે તે વ્યક્તિને પદ પરથી દૂર કરનારા મતદાર મંડળ કરતાં ભિન્ન હોઈ શકે છે. આ સંબંધમાં, તેમણે ઉદાહરણના હેતુ માટે સંવિધાનના અનુચ્છેદો ૫૪ અને ૬૧ પર આધાર રાખ્યો

હતો. તેમણે રજૂઆત કરી હતી કે ચૂંટણી અને હોદ્દા પરથી દૂર કરવાના દરેક કેસમાં, અદાલતે પ્રશ્નગત અધિનિયમની તપાસ કરવાની રહે છે. પોતાની દલીલને લંબાવતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે સામાવાળાની દલીલનો સમગ્ર ભાર એ વાત પર હતો કે "સભ્યોની કુલ સંખ્યા" શબ્દોનો અર્થ "ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા" તરીકે થવો જોઈએ અને તેથી, સામાવાળા કેસસ ઓમિસસનો દાવો કરી રહ્યા છે. તેમણે રજૂઆત કરી હતી કે આ કોર્ટે વારંવાર ઠેરવ્યું છે કે જે બાબત કાયદામાં પ્રદાન કરવાની જરૂર હતી પરંતુ પ્રદાન કરવામાં આવી નથી તેની પૂર્તિ અદાલતો દ્વારા કરી શકાય નહીં. આ સંબંધમાં, તેમણે એ.આઈ.આર. (૧૯૩૩) પીસી ૬૩ માં અહેવાલ થયેલ હંસરાજ ગુપ્તા વિરુદ્ધ દેહરાદૂન મસૂરી ઈલેક્ટ્રિક ટ્રામવે કંપની લિમિટેડ ના કેસમાં પ્રિવિ કાઉન્સિલના ચુકાદા પર અને [૧૯૫૨] એસસીઆર ૧૧૨૨ માં અહેવાલ થયેલ શ્રીમતી હીરા દેવી અને અન્ય વિરુદ્ધ ડિસ્ટ્રિક્ટ બોર્ડ, શાહજહાંપુર પર આધાર રાખ્યો હતો. તેમણે આગળ એવી દલીલ કરી હતી કે ૭૪મા બંધારણીય સુધારા છતાં, વિધાનમંડળે કલમ ૩(૧૫) હેઠળ "સભ્ય" ની વ્યાખ્યામાં અને કલમ ૩(૩૬) હેઠળ "કુલ સંખ્યા" શબ્દોની વ્યાખ્યામાં સુધારો કર્યો નથી, જેમાં નિમણૂક પામેલા સભ્યોનો સમાવેશ થાય છે. આમ, કલમ ૯(એ)(૧) અને (૨) હેઠળ નગરપાલિકા બોર્ડના બંધારણમાં નિમણૂક પામેલા સભ્યો સામેલ હતા, જેઓ બોર્ડના સભ્યોની કુલ સંખ્યાનો ભાગ બન્યા હતા અને તેથી, અધિનિયમમાં "સભ્યોની કુલ સંખ્યા" શબ્દપ્રયોગનો અર્થ "ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા" તરીકે કરી શકાય નહીં. તેમણે રજૂઆત કરી હતી કે અનુચ્છેદ

૨૪૩આર(૨)(બી) હેઠળ, વિધાનમંડળ કાયદા દ્વારા અધ્યક્ષની ચૂંટણીની પદ્ધતિ પ્રદાન કરી શકે છે. તેમણે રજૂઆત કરી હતી કે ૧૯૭૪ ના નિયમોમાં અધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવાની જોગવાઈ હતી, જે અધ્યક્ષની ચૂંટણી કરતાં ભિન્ન હતી. આ સંબંધમાં, તેમણે રજૂઆત કરી હતી કે ચૂંટાયેલા સભ્યોના મતદાર મંડળમાંથી અધ્યક્ષ ચૂંટાયા હોવા છતાં પણ, નિમણૂક પામેલા સભ્યો સહિતના સભ્યોના ૨/૩ સભ્યો દ્વારા તેમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે. આ સંજોગોમાં, તેમણે રજૂઆત કરી હતી કે જો કોઈ વ્યક્તિ અધિનિયમની કલમ ૩(૩૬) સાથે ૧૯૭૪ ના નિયમોના નિયમ ૩(૮) અને નિયમ ૩(૯) ને વાંચે, તો એ સ્પષ્ટ થાય છે કે અવિશ્વાસનો પ્રસ્તાવ નિમણૂક પામેલા સભ્યો સહિતના સભ્યોની કુલ સંખ્યાના ૨/૩ ની જરૂરી બહુમતીથી પસાર થવો જોઈએ. તેથી, તેમણે રજૂઆત કરી હતી કે "સભ્યોની કુલ સંખ્યા" શબ્દોનો અર્થ "ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા" તરીકે થવો જોઈએ તેવું ઠેરવવામાં હાઇકોર્ટે ભૂલ કરી હતી.

સામાવાળા નંબર ૧, શ્રી સાંવલ ચંદ સંઘવી વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન વકીલ શ્રી એસ. કે. જૈને રજૂઆત કરી હતી કે ૧૯૭૪ ના નિયમોના નિયમ ૩(૯) માં "સભ્યોની કુલ સંખ્યા" શબ્દપ્રયોગ સમાવિષ્ટ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉક્ત શબ્દપ્રયોગને અધિનિયમની કલમ ૩(૩૬) ના સંદર્ભમાં વાંચવો જોઈએ જે પ્રારંભિક વ્યાખ્યાની કલમ છે અને જણાવે છે કે જ્યાં સુધી સંદર્ભ અનુસાર અન્યથા અપેક્ષિત ન હોય ત્યાં સુધી બોર્ડના સભ્યોના સંદર્ભમાં વપરાયેલ "સભ્યોની કુલ સંખ્યા" શબ્દપ્રયોગનો અર્થ તે સમયે હોદ્દો ધરાવતા સભ્યોની કુલ સંખ્યા થશે. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે ૧૯૯૪ ના

સુધારા પહેલાં અધિનિયમની કલમ ૯(૫) હેઠળ સહ–વરણ કરાયેલા સભ્યોને તમામ હેતુઓ માટે બોર્ડના ચૂંટાયેલા સભ્યો તરીકે ગણવાના હતા, જે સ્થિતિ ૧૯૯૪ ના સુધારા પછી બદલાઈ ગઈ હતી કે જેના હેઠળ નિમણૂક પામેલા સભ્યોને મતદાનનો કોઈ અધિકાર ન હતો. આથી, એવી ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી કે અધિનિયમમાં ૧૯૯૪ ના સુધારા પહેલાં પણ નિયમ ૩(૮) અને (૯) માં આવતા "સભ્યોની કુલ સંખ્યા" શબ્દપ્રયોગનો અર્થ "ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા" થતો હતો. સામાવાળા નંબર ૧ ના વિદ્વાન વકીલે આગળ ધ્યાન દોર્યું હતું કે ૧૯૯૪ માં, સંવિધાન (ચોતેરમો સુધારો) અધિનિયમ, ૧૯૯૪ દ્વારા સંવિધાનમાં નવો પ્રકરણ ૧૪–બી દાખલ કરવાના અનુસંધાને અધિનિયમની કલમો ૯, ૬૫ અને ૭૨ માં સુધારો કરવામાં આવ્યો હતો. એવું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૨૪૩આર ના પેટા–અનુચ્છેદ (૨)(એ)(૧) ના પરંતુક હેઠળ નિમણૂક પામેલી વ્યક્તિઓને મતદાન કરવાથી બાકાત રાખવામાં આવી હતી. સંવિધાનમાં ઉક્ત સુધારાને અનુસરીને, અધિનિયમની કલમો ૯, ૬૫ અને ૭૨ માં સુધારો કરવામાં આવ્યો હતો જેના દ્વારા નિમણૂક પામેલા સભ્યોને મતદાનનો અધિકાર નકારવામાં આવ્યો હતો. એવું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે જોકે અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો હતો, પરંતુ ૧૯૭૪ ના નિયમો યથાવત રહ્યા હતા અને તેથી, ૧૯૭૪ ના નિયમોનું અર્થઘટન કલમો ૯, ૬૫ અને ૭૨ ની સુધારેલી જોગવાઈઓ અનુસાર કરવું પડશે જે નગરપાલિકા બોર્ડની બેઠકોમાં નિમણૂક પામેલા સભ્યોને મતદાન કરવાથી પ્રતિબંધિત કરે છે. ઉપર્યુક્ત રજૂઆતોના સમર્થનમાં, અધિનિયમની

કલમ ૩(૩૬) પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, જે ઉપર જણાવ્યા મુજબ વ્યાખ્યાની કલમ છે જે "સંદર્ભ અનુસાર અન્યથા અપેક્ષિત ન હોય તો" શબ્દોથી શરૂ થાય છે. આ કારણોસર, સામાવાળાઓ વતી એવી રજૂઆત કરવામાં આવી હતી કે ૧૯૭૪ ના નિયમોના નિયમ ૩ ના પેટા-નિયમો (૫), (૮) અને (૯) માં આવતા "સભ્યોની કુલ સંખ્યા" નો અર્થ "ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા" તરીકે જ કરવો જોઈએ.

બંને પક્ષો દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો તરફ ધ્યાન આપતાં પહેલાં, અમે ઉક્ત અધિનિયમની સંબંધિત જોગવાઈઓ (૧૯૯૪ પહેલાં અને પછીની) નીચે મુજબ પુનઃ રજૂ કરીએ છીએ: –

૧૯૯૪ માં થયેલા સુધારા પહેલાં અને પછી રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ એક્ટ, ૧૯૫૯ ની જોગવાઈઓ દર્શાવતો તુલનાત્મક ચાર્ટ:

સુધારા પહેલાની જોગવાઈઓ	**સુધારા પછીની જોગવાઈઓ**
૯. બોર્ડની રચના. – (૧) પછીની પેટા-કલમોમાં સમાવિષ્ટ જોગવાઈઓને આધીન, દરેક બોર્ડમાં એટલી બેઠકો હશે જે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા નક્કી કરવામાં આવે. (૨)-(૩) xxx .... xxxx xxx ૪. બોર્ડ માટે નક્કી કરાયેલી તમામ બેઠકો, સામાન્ય તેમજ અનામત, કલમ ૨૯ હેઠળ કરેલા આદેશમાં પૂરી પાડવામાં આવેલ રીત મુજબ યોજાયેલી ચૂંટણી દ્વારા ભરવામાં આવશે.	**૯. બોર્ડની રચના –** (૧) પછીની પેટા-કલમોમાં સમાવિષ્ટ જોગવાઈઓને આધીન, પરંતુ આ પેટા-કલમની નીચેની જોગવાઈઓમાં પૂરા પાડ્યા સિવાય, નગરપાલિકાની તમામ બેઠકો વોર્ડ તરીકે ઓળખાતા પ્રાદેશિક મતવિસ્તારોમાંથી સીધી ચૂંટણી દ્વારા પસંદ કરાયેલ વ્યક્તિઓ દ્વારા ભરવામાં આવશે, આવી બેઠકોની સંખ્યા તેર કરતા ઓછી ન હોવી જોઈએ, જે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા નક્કી કરવામાં આવશે:-

સુધારા પહેલાની જોગવાઈઓ	સુધારા પછીની જોગવાઈઓ
પ. સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત આદેશ દ્વારા પૂરી પાડવામાં આવેલ રીતે દરેક બોર્ડમાં કો–ઓપ્શન (સહ–વિકલ્પ) દ્વારા નિમણૂક કરવામાં આવશે – (i) સ્ત્રી જાતિની બે વ્યક્તિઓ જો પેટા–કલમ (૪) માં ઉલ્લેખિત ચૂંટણી દ્વારા આવી કોઈ વ્યક્તિ બોર્ડમાં ચૂંટાઈ ન હોય, અથવા (ii) સ્ત્રી જાતિની એક વ્યક્તિ જો આવી ચૂંટણી દ્વારા આવી માત્ર એક જ વ્યક્તિ બોર્ડમાં ચૂંટાઈ હોય, અને આવી કો–ઓપ્ટ કરાયેલ વ્યક્તિ અથવા વ્યક્તિઓને આ અધિનિયમના તમામ હેતુઓ માટે બોર્ડના ચૂંટાયેલા સભ્ય અથવા સભ્યો તરીકે ગણવામાં આવશે, અને પેટા–કલમ (૧) હેઠળ તે બોર્ડ માટે નક્કી કરાયેલી બેઠકોની સંખ્યા તે મુજબ વધેલી ગણવામાં આવશે.	(a) નીચે મુજબના પ્રતિનિધિઓ બોર્ડ, કાઉન્સિલ અથવા કોર્પોરેશન (જે પણ લાગુ પડતું હોય) માં રહેશે, જેમ કે: (i) રાજસ્થાન વિધાનસભાના સભ્ય જે એવા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હોય જેમાં સંપૂર્ણપણે અથવા અંશતઃ નગરપાલિકા વિસ્તારનો સમાવેશ થતો હોય; અને (ii) નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોની સંખ્યાના દસ ટકા અથવા ત્રણ વ્યક્તિઓ, બેમાંથી જે ઓછું હોય તે, જેઓ મ્યુનિસિપલ વહીવટમાં વિશેષ જ્ઞાન અથવા અનુભવ ધરાવતા હોય, જેમને રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા નોમિનેટ (નામાંકિત) કરવામાં આવશે: પરંતુ – (i) આ અધિનિયમની કલમ ૨૬ અને કલમ ૫૯ માં સમાવિષ્ટ જોગવાઈઓ પેટા–ખંડ (ii) હેઠળ નોમિનેટ થનાર અથવા નોમિનેટ થયેલ વ્યક્તિઓને લાગુ પડશે; (ii) રાજ્ય સરકારને કોઈપણ સમયે પેટા–ખંડ (ii) હેઠળ નોમિનેટ થયેલા સભ્યને પાછા ખેંચવાની સત્તા રહેશે; (iii) જો કોઈ કો–ઓપ્ટ થયેલા સભ્યો હોય, જેઓ રાજસ્થાન મ્યુનિસિપાલિટીઝ (બીજો સુધારો) અધિનિયમ, ૨૦૦૦ (વર્ષ ૨૦૦૦ નો અધિનિયમ નં. ૨૨) ના અમલની તારીખે ચાલુ હોય, તો તેમની મુદત આવા અમલ સાથે જ સમાપ્ત થઈ જશે:

સુધારા પહેલાની જોગવાઈઓ	સુધારા પછીની જોગવાઈઓ
	વધુમાં એવી શરત છે કે પેટા–ખંડ (ii) માં ઉલ્લેખિત સભ્યને બોર્ડ, કાઉન્સિલ અથવા કોર્પોરેશન (જે પણ લાગુ પડતું હોય) ની બેઠકોમાં મતદાન કરવાનો અધિકાર રહેશે નહીં; (b) લોકસભાના સભ્ય જે એવા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હોય જેમાં મ્યુનિસિપલ કાઉન્સિલવાળી નગરપાલિકાનો અથવા (જે પણ લાગુ પડતું હોય) મ્યુનિસિપલ કોર્પોરેશનનો સંપૂર્ણ અથવા અંશતઃ વિસ્તાર સામેલ હોય, તેઓ આવી નગરપાલિકાની કાઉન્સિલ અથવા કોર્પોરેશન પર પ્રતિનિધિત્વ કરશે: પરંતુ ખંડ (a) ના પેટા–ખંડ (i) માં ઉલ્લેખિત સભ્યને બોર્ડ, કાઉન્સિલ અથવા કોર્પોરેશનની બેઠકોમાં મતદાન કરવાનો અધિકાર રહેશે અને ખંડ (b) માં ઉલ્લેખિત સભ્યને કાઉન્સિલ અથવા કોર્પોરેશનની બેઠકોમાં મતદાન કરવાનો અધિકાર રહેશે;"
૬૫. દરેક બોર્ડમાં ચેરમેન અને વાઇસ–ચેરમેન રહેશે – (૧) દરેક બોર્ડ માટે, ચેરમેન અને વાઇસ–ચેરમેન રહેશે. (૨) ચેરમેન તે હેતુ માટે રાજ્ય સરકાર દ્વારા બનાવેલા નિયમો અનુસાર, બોર્ડના સભ્યો દ્વારા તેમની વચ્ચેથી ચૂંટવામાં આવશે. (૩) વાઇસ–ચેરમેન આ માટે બનાવેલા નિયમો અનુસાર બોર્ડના સભ્યો દ્વારા તેમની વચ્ચેથી ચૂંટવામાં આવશે.	**૬૫. દરેક બોર્ડમાં ચેરમેન અને વાઇસ–ચેરમેન રહેશે –** (૧) દરેક બોર્ડ માટે, ચેરમેન અને વાઇસ–ચેરમેન રહેશે. (૨) ચેરમેન તે હેતુ માટે રાજ્ય સરકાર દ્વારા બનાવેલા નિયમો અનુસાર, બોર્ડના ચૂંટાયેલા સભ્યો દ્વારા તેમની વચ્ચેથી ચૂંટવામાં આવશે. (૩) વાઇસ–ચેરમેન આ માટે બનાવેલા નિયમો અનુસાર બોર્ડના ચૂંટાયેલા સભ્યો

સુધારા પહેલાની જોગવાઈઓ	સુધારા પછીની જોગવાઈઓ
(૪) દરેક કાઉન્સિલ માટે પ્રમુખ અને ઉપ–પ્રમુખ રહેશે. (૫) પ્રમુખ અને ઉપ–પ્રમુખ તે હેતુ માટે રાજ્ય સરકાર દ્વારા બનાવેલા નિયમો અનુસાર, કાઉન્સિલના કાઉન્સિલરો દ્વારા તેમની વચ્ચેથી ચૂંટવામાં આવશે. (૬) થી (૮) xxx xxx xxxx (૯) બોર્ડના દરેક ચેરમેન અને દરેક વાઇસ–ચેરમેનનો હોદ્દો તાત્કાલિક ખાલી થયેલો ગણાશે, જો તેમનામાં અવિશ્વાસ વ્યક્ત કરતો ઠરાવ તે હેતુ માટે બોલાવવામાં આવેલી વિશેષ સામાન્ય સભામાં સભ્યોની કુલ સંખ્યાની બહુમતીના મતો દ્વારા પસાર કરવામાં આવે. (૧૦) થી (૧૫) xxx xxx xxx	દ્વારા તેમની વચ્ચેથી ચૂંટવામાં આવશે. (૪) દરેક કાઉન્સિલ માટે પ્રમુખ અને ઉપ–પ્રમુખ રહેશે. (૫) પ્રમુખ અને ઉપ–પ્રમુખ તે હેતુ માટે રાજ્ય સરકાર દ્વારા બનાવેલા નિયમો અનુસાર, કાઉન્સિલના ચૂંટાયેલા કાઉન્સિલરો દ્વારા તેમની વચ્ચેથી ચૂંટવામાં આવશે. (૫A) થી (૮) xxx xxx xxx (૯) બોર્ડના દરેક ચેરમેન અને દરેક વાઇસ–ચેરમેનનો હોદ્દો તાત્કાલિક ખાલી થયેલો ગણાશે, જો તેમનામાં અવિશ્વાસ વ્યક્ત કરતો ઠરાવ નિર્ધારિત પ્રક્રિયા અનુસાર પસાર કરવામાં આવે. (૧૦) થી..... xxxxxx xxxxxxx"
૭૨. ચેરમેન [અથવા વાઇસ–ચેરમેન] સામે અવિશ્વાસની દરખાસ્ત – (૧) ચેરમેન [અથવા વાઇસ–ચેરમેન] માં અવિશ્વાસ વ્યક્ત કરતી દરખાસ્ત માત્ર આ કલમમાં દર્શાવેલ પ્રક્રિયા મુજબ જ કરી શકાશે. (૨) ચેરમેન [અથવા વાઇસ–ચેરમેન] માં અવિશ્વાસની દરખાસ્ત લાવવાના ઈરાદાની લેખિત નોટિસ, જેના પર બોર્ડના કુલ સભ્યોની સંખ્યાના એક–તૃતીયાંશથી ઓછા ન હોય તેટલા સભ્યોની સહી હોય, પ્રસ્તાવિત દરખાસ્તની નકલ સાથે નિર્ધારિત સત્તાધિકારીને મોકલવામાં આવશે, જે ત્યારબાદ દરખાસ્તની વિચારણા માટે બોર્ડની ઓફિસમાં તેમના દ્વારા નક્કી કરાયેલ તારીખે અને સમયે બેઠક બોલાવશે, જે નોટિસ મળ્યાની	**૭૨. ચેરમેન સામે અવિશ્વાસની દરખાસ્ત.** (૧) ચેરમેન અથવા વાઇસ–ચેરમેનમાં અવિશ્વાસ વ્યક્ત કરતી દરખાસ્ત નિર્ધારિત રીતે કરવામાં આવશે અને વિચારણામાં લેવામાં આવશે. (૨) આ કલમ હેઠળ દરખાસ્તની કોઈ નોટિસ ચેરમેન અથવા વાઇસ–ચેરમેન દ્વારા હોદ્દો સંભાળ્યાના એક વર્ષની અંદર આપવામાં આવશે નહીં. (૩) જો પેટા–કલમ (૧) હેઠળની દરખાસ્ત પસાર ન થાય, તો તે જ ચેરમેન અથવા વાઇસ–ચેરમેનમાં અવિશ્વાસ વ્યક્ત કરતી અનુગામી દરખાસ્તની નોટિસ, જે બેઠકમાં દરખાસ્ત વિચારણામાં લેવામાં આવી હતી તેની

સુધારા પહેલાની જોગવાઈઓ	સુધારા પછીની જોગવાઈઓ
તારીખથી વીસ દિવસ પહેલા અથવા ત્રીસ દિવસ પછી ન હોવી જોઈએ. (૩) નિર્ધારિત સત્તાધિકારી બેઠકની તારીખના ઓછામાં ઓછા સાત સ્પષ્ટ દિવસ પહેલા આવી બેઠકની અને તે માટે નક્કી કરાયેલ તારીખ અને સમયની નોટિસ બોર્ડના દરેક સભ્યને રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલશે. (૪) થી (૭) xxx xxx xxx (૮) ચર્ચાના અંતે અથવા ઉક્ત ચાર કલાકના સમયગાળાની સમાપ્તિ પર, જે પણ લાગુ પડતું હોય, દરખાસ્ત બોર્ડના મતદાન માટે મૂકવામાં આવશે અને નિર્ધારિત સત્તાધિકારી અથવા તેના નોમિની તેના ગુણદોષ પર બોલશે નહીં કે તેના પર મતદાન કરશે નહીં. (૯) જો દરખાસ્ત કલમ ૬૫ ની પેટા-કલમ (૯) માં ઉલ્લેખિત બહુમતી દ્વારા પસાર ન થાય અથવા જો કોરમ (ગણસંખ્યા) ના અભાવે કોઈ બેઠક યોજી ન શકાય, તો તે જ ચેરમેન (અથવા વાઇસ-ચેરમેન) સામે અવિશ્વાસની કોઈ અનુગામી દરખાસ્તની નોટિસ બેઠકની તારીખથી છ મહિનાનો સમયગાળો પૂરો ન થાય ત્યાં સુધી સ્વીકારવામાં આવશે નહીં."	તારીખથી બે વર્ષ પૂરા ન થાય ત્યાં સુધી આપવામાં આવશે નહીં."

સંવિધાન (ચોમોતેરમો) સુધારો અધિનિયમ, ૧૯૯૪ દ્વારા પ્રકરણ ૧૪-બી હેઠળ સંવિધાનના અનુચ્છેદ ૨૪૩આર (૧) અને (૨) નો ઉમેરો કરવામાં આવ્યો હતો. તે નગરપાલિકાની રચના, બંધારણ, ચૂંટણી અને તેના સભ્યોના

અધિકારો સંબંધિત માર્ગદર્શિકા નિર્ધારિત કરે છે. અમે નીચે સંબંધિત જોગવાઈઓ ટાંકીએ છીએ:–

"૨૪૩આર. નગરપાલિકાઓનું બંધારણ. – (૧) ખંડ (૨) માં જોગવાઈ કર્યા સિવાય, નગરપાલિકાની તમામ બેઠકો નગરપાલિકા વિસ્તારમાંના પ્રાદેશિક મતવિસ્તારોમાંથી સીધી ચૂંટણી દ્વારા પસંદ કરાયેલ વ્યક્તિઓ દ્વારા ભરવામાં આવશે અને આ હેતુ માટે દરેક નગરપાલિકા વિસ્તારને વોર્ડ તરીકે ઓળખાતા પ્રાદેશિક મતવિસ્તારોમાં વિભાજિત કરવામાં આવશે. (૨) રાજ્યનું વિધાનમંડળ, કાયદા દ્વારા, નીચેની બાબતો માટે જોગવાઈ કરી શકે છે –

(ક) નગરપાલિકામાં નીચેનાના પ્રતિનિધિત્વ માટે –

(૧) નગરપાલિકા વહીવટમાં વિશેષ જ્ઞાન અથવા અનુભવ ધરાવતી વ્યક્તિઓ;

(૨) લોકસભાના સભ્યો અને રાજ્યની વિધાનસભાના સભ્યો કે જેઓ એવા મતવિસ્તારોનું પ્રતિનિધિત્વ કરતા હોય જેમાં સંપૂર્ણ અથવા આંશિક રીતે નગરપાલિકા વિસ્તાર સમાવિષ્ટ હોય;

(૩) નગરપાલિકા વિસ્તારમાં મતદાર તરીકે નોંધાયેલા રાજ્યસભાના સભ્યો અને રાજ્યની વિધાન પરિષદના સભ્યો;

(૪) અનુચ્છેદ ૨૪૩એસ ના ખંડ (૫) હેઠળ રચાયેલી સમિતિઓના અધ્યક્ષો: પરંતુ એવી શરત છે કે ફકરા (૧) માં ઉલ્લેખિત વ્યક્તિઓને

નગરપાલિકાની બેઠકોમાં મતદાન કરવાનો અધિકાર રહેશે નહીં;

(ખ) નગરપાલિકાના અધ્યક્ષની ચૂંટણીની રીત."

ઉપર જણાવ્યા મુજબ, બંધારણીય સુધારો અને અધિનિયમની કલમો ૯, ૬૫ અને ૭૨ ના સુધારાઓ છતાં, ૧૯૭૪ ના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો ન હતો. અમે નીચે અધિનિયમની કલમ ૩(૩૬), કે જે "સભ્યોની કુલ સંખ્યા" શબ્દપ્રયોગની વ્યાખ્યા આપે છે, તેમજ ૧૯૭૪ ના નિયમોના નિયમ ૩ ને ટાંકીએ છીએ, કે જે ઉપર જણાવ્યા મુજબ ૧૯૯૪ પછી પણ વણસુધારેલા રહ્યા છે :–

"કલમ ૩. વ્યાખ્યાઓ – આ અધિનિયમમાં, જ્યાં સુધી સંદર્ભથી અન્યથા જરૂરી ન હોય ત્યાં સુધી – .

(૩૬) જ્યારે બોર્ડના સભ્યોના સંદર્ભમાં 'કુલ સંખ્યા' અથવા 'સમગ્ર સંખ્યા' શબ્દપ્રયોગ વપરાય, ત્યારે તેનો અર્થ તે સમયે હોદ્દો ધરાવતા સભ્યોની કુલ સંખ્યા થાય છે. "

"નિયમ ૩. કાર્યરીતિ વગેરે. – (૧) અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવાના ઈરાદાની લેખિત નોટિસ, જેના પર બોર્ડના એક–તૃતીયાંશ સભ્યો દ્વારા સહી કરવામાં આવી હોય, તે જે પ્રસ્તાવ લાવવાનો પ્રસ્તાવિત હોય તેની નકલ સાથે જિલ્લાના કલેક્ટરને મોકલવામાં આવશે, જેઓ ત્યારપછી પ્રસ્તાવની વિચારણા માટે બોર્ડની કચેરી ખાતે તેમણે નિયત કરેલી

